6P
3129
G

NATIONAL ARCHIVES LIBRARY
GOVERNMENT OF INDIA
NEW DELHI.

Call No.

Accession No. 3129

GIPNLK—7/DAND—5-9-60—15,000

# પ્રભાત ગીતો

L.I.B 851-16123

પ્રકાશક:

**શ્રીમતી લીલાવતી હરિલાલ દેસાઇ**

મંત્રી, પિકેટિંગ મંડળ, રતનપોળ,

અમદાવાદ

## પ્રસ્તાવિક :—

પ્રભાત ફેરીની પદ્ધતિ સર્વત્ર એકધારી થાય એ હેતુથી હાલના વાતાવરણને ઉચિત એવાં ભજનો અને ગીતોનો સંગ્રહ કરી તેના <u>દિવસવાર વિભાગો</u> પાડવાનું જરુરી હોવાથી આ સંગ્રહ પ્રકટ કરવામાં આવે છે.

**પ્રકાશક.**

———:o:———

NATIONAL ARCHIVES LIBRARY
No 3129
Date 28.3.72
GOVT. OF INDIA

### ભારતભાગ્યતારા !

ઇશની ચક્ષુ શી શાંત સ્વરૂપે પૂણ્ય દર્શના,
નયનો મોકલું બેની! ધર્મભૂમિ ધરાસણા.

કે વીરસુ વીરની અંગના ઓ !
પાંચાલ-પુત્રી, નવ દ્રોપદી કો ?
સંસારને ખપ્પરમાં વળુંધી,
માયા મહા યોગિની જેમ ઉભી.

દુઃશાસનો ક્રૂર તને દમે ને
લોપી રહે અદ્ય વિવેક લજ્જા,
ને તું અહિંસાવ્રતિની ખમે એ
પાળી વડી એક સ્વરાજ્ય આજ્ઞા.

તેં તો મહાભારત ધર્મ યુધ્ધે
ખોળે ધરી દીધ સુજાત પુત્રો
વેદી પરે એ પ્રિયને વધેરી
કૃષ્ણે કરે અમૃત યોગ સૂત્રો.

ઇશની ચક્ષુ શી ભવ્ય પ્રલયે ચંડદર્શના,
નમનો મોકલું અંબે! ધર્મશક્તિ ધરાસણા.

———

## મૌનવાર

### એકલો જાને રે

તારી જો હાક સુણી કોઇ ના આવે
તો એકલો જાને રે!
એકલો જાને, એકલો જાને,
એકલો જાને રે!—તારી૦
જો સૌનાં મ્હોં સીવાય—
ઓરે ઓરે ઓ અભાગી!
સૌનાં મ્હોં સીવાય;
જ્યારે સૌએ બેસે મ્હોં ફેરવી,
સૌએ ફરી જાય,
ત્યારે હૈયું ખોલી,
અરે તું મ્હોં મુકી તારા મનનું ગાણું
એકલો ગાને રે.—તારી૦
જો સૌએ પાછાં જાય—
ઓરે ઓરે ઓ અભાગી!
સૌએ પાછાં જાય;
જ્યારે રણ વગડે નીસરવા ટાણે,
સૌ ખૂણે સંતાય
ત્યારે કાંટા-રાને,
તો તારે લોહી નીગળતે ચરણે ભાઇ
એકલો ધાને રે!—તારી૦
જ્યારે દીવો ના ધરે કોઇ,
ઓરે ઓરે ઓ અભાગી!

દીવો ના ધરે કોઇ;
જ્યારે ઘનઘોરી તુફાની રાતે
બારવાસે તને જોઇ,—
ત્યારે આભની વીજે
તું સળગી જઇ સૌનો દીવો
એકલો થાને રે!—તારી૦

તારી જો હાંક શુણી કોઇ ના આવે—
તો એકલો જાને રે!
એકલો જાને, એકલો જાને,
એકલો જાને રે!—તારી૦

---

## જન્મભૂમિનું જયમંગળ

જય મંગળ પ્રિય જન્મભૂમિનું ગજાવિયે (ટેક)

રઘુવીર સમ વીરલ વીર ભારતી સુભટ સુધીર,
ઊર સમુદ્રને હિમાલયે ઉછાળીયે. —જય મંગળ૦ ૧

જનનીઅંક ઝીલીયે ઝનુની રંગ રેલીયે,
આત્મબળ ઉજાસથી બધું ઉજાળીએ.—જય મંગળ૦ ૨

સત્ય અર્થ સજજ થાઓ વિજય વાવટો ઉડાવો,
વીરધર્મથી સદા ધરા ધ્રુજાવીએ. —જય મંગળ ૩

ભૂતળ ફોડી ફેડીયે ઉંડી જડો ઉખેડીએ,
દોરને દમામ દેશનો જમાવીએ. —જય મંગળ ૪

સ્થિતિ સમય સ્વીકારીએ પ્રવૃત્તિ યત્ન યોજીએ,
જાતને સ્વદેશ કાજ કાં ન હોમીએ —જય મંગળ૦ ૫

દેશ સેવાના સ્વધર્મ અન્ય ન કર્તવ્યકર્મ,
આત્મ ભાવથી બધું પ્રભુમય પીછાનીએ—જય મંગળ૦ ૬

---

## નહિ રખની, નહિ રખની

નહિ રખની, નહિ રખની, સરકાર જાલિમ નહિ રખની,
મુસલમાનકા મક્કા ખોયા, મુસલમાનકા મક્કા ખોયા,
સિખ્ખોંકા દરબાર જાલિમ.
જલિયાંવાલા બાગકે ભીતર, નિઃશસ્ત્રો પર ગોળી ચલાકર
મારે કૈંક હજ્જાર.-જાલિમ.
પેશાવરકે ચોકકી અંદર, નિર્દોષો પર ગોળી ચલાકર
મારે કૈંક હજ્જાર-જાલિમ.
જવાહીરકો પીંજર પાયા, વલ્લભભાઈકો જેલ બિઠાયા,
ગાંધીજીકો પીંજર પાયા, સેન, ખોજીકો જેલ બિઠાયા
ઐસી હૈ બદકાર.-જાલિમ.

---

## ધુન

ડંકો વાગ્યો લડવૈયા, શૂરા જાગજો રે;
શૂરા જાગજો રે, કાયર ભાગજો રે;
ડંકો વાગ્યો!

x x x

ડંકો વાગ્યો ભારતની બહેનો જાગજો રે;
બહેનો જાગજો રે, વિદેશી ત્યાગજો રે;
ડંકો વાગ્યો!

x x x

કાઢી નાંખો વિદેશી વસ્ત્રો આજથી રે;
આજથી રે, ખરા ત્યાગથી રે
કાઢી નાંખો!

x x x

માથું મેલો, સાચવવા સાચી ટેકનેરે;
સાચી ટેકને રે, સાચી ટેકને રે;
માથું મેલો!

x x x

તોડી પાડો સરકારી જુલ્મી કાયદા રે;
જુલ્મી કાયદા રે (૨)
તોડી પાડો!

x x x

ભારતમુક્તિને કાજે, કાયા હોમજો રે;
કાયા હોમજો રે; (૨)
ભારત મુક્તિ!

---

## બહાદુરો પાછા નહિ હઠશે

નહિ હઠશે નહિ હઠશે, બહાદુરો પાછા નહિ હઠશે.
લડશે લડશે સમરાંગણમાં, છોને ફના થવાય–પાછા૦
કુરબાની કરતાં નહિ થાકે, ઘુમે રણમેદાન–પાછા૦
જુલ્મઘંટીમાં છોને પીલે, સેતાની સરકાર–પાછા૦
જુલ્મોથી રોળાયાં જગમાં લાખો જુલ્મી રાજ–પાછા૦
રણે ચડેલા સત્યાગ્રહીઓ નમાવશે સરકાર–પાછા૦

---

## મંગળવાર

### શૂરસંગ્રામ

શૂર સંગ્રામકો દેખ ભાગે નહિ,
દેખ ભાગે સોઇ શૂર નહિ.
કામ ઔર ક્રોધ મદ લોભસે ઝુઝના,
મઁડા ધમસાણ તહઁ ખેત માંહિ.
શીલ ઔ સૌચ સંતોષ સાથી ભયે;
નામ સમશેર તહઁ ખૂબ બાજે.
કહે કબીર કોઇ ઝુઝી હૈ શૂરમા,
કાયરાં ભીડ તહઁ તુરત ભાજે.

---

### આઝાદીની તમન્ના

મેરા સિર જાવે તો જાવે,
ગર આઝાદી ઘર આવે.
યે જાન કૂના હો જાવે,
ગર આઝાદી ઘર આવે.
કર સિતમ સિતમગર, જી ભરભર કર,
હમ નહિં ડરનેવાલે—૧
જો આગે કદમ ઉઠાયા,
અબ નહિં હૈ હટનેવાલે
જો યકીન હમને પાયા,
વો કભી ન કટનેવાલે—૨

નૌજવાનકી યેહ સેના,
અબ નહિં હૈ રૂકનેવાલી
યેહ ગરદન ઉંચી ઉઠાઇ,
નહિં ઝુલ્મસે ઝુકનેવાલી—૩
અય સિતમકે કરનેવાલે,
ચલ બન્દુક જલ્દ ઉઠા લે.
હમ ખડે હૈં ધરકે સીના,
અય ગોલી ચલાનેવાલે—૪
બરસોંસે રહી ભરકતી,
ચલ અપની પ્યાસ છીપા લે.
જો તર્ક હુઇ ઝાલિમ તેરી,
બસ આખરી આશ મિટા લે—૫
હમ ખૂને જિગર કે પ્યાલે
દુશ્મનકો પિલાનેવાલે.
હમ નહિં હૈ બુઝદિલ આદમ,
જો કહા સો કરનેવાલે—૬
અબ મંઝુર હમેં હે મરના,
ચલ અપના સાજ સજાલે.
ચલ બતાલે તાકાત તેરી,
અબ નહિં હૈ થકનેવાલે—૭
હમ મરેંગે લડતે લડતે,
નહિં લડાઇ મરનેવાલી.
મેદાન ન હોગા ખાલી,
જબ તક નાહ ખુશહાલી—૮

## વૈષ્ણવ જન

વૈષ્ણવજન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે;
પરદુ:ખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે;
સકળ લોકમાં સહુને વંદે નિંદા ન કરે કેની રે:
વાચ કાછ મન નિશ્ચળ રાખે, ધન ધન જનની તેની રે:
સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જિવ્હા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે;
મોહ માયા વ્યાપે નહિ જેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે;
રામનામ શું તાળી લાગી, સકળ તીરથ તેના તનમાં રે;
વણલોભી ને કપટરહિત છે, કામ ક્રોધ નિવાર્યાં રે;
ભણે નરસૈંયો તેનું દર્શન કરતાં, કુળ ઇકોતેર તાર્યાં રે;

---

## અયિ ભુવન-મનોમોહિનિ

અયિ ભુવન-મનો-મોહિનિ !
નિર્મલ-સૂર્ય-કરોજ્જવલ-ધરિણિ !
જનક-જનનિ-જનનિ !
નીલ સિન્ધુ જલ-ધૌત ચરણતલ,
અનિલ વિકમ્પિત શ્યામલ-અંચલ,
અંબર ચુમ્બિત-ભાલ હિમાચલ,
શુભ્ર-તુષાર-કિરીટિનિ !
પ્રથમ પ્રભાત ઉદિત તવ ગગને,
પ્રથમ સામરવ તવ તપોવને,
પ્રથમ પ્રચારિત તવ વનભવને,
જ્ઞાન ધર્મકૃત કાવ્યકાહિની.

ચિર કલ્યાણમયી તુમિ ધન્યા
દેશ વિદેશે વિતરીછ અન્ન
જાહ્નવિ જમુના-વિગલિત કરૂણા
પુણ્ય-પિયુષ-સ્તન્ય વાહિની.

---

## સિપાહી પૂર્ણ સ્વરાજ્યના રે

અમે સિપાહી પૂર્ણ સ્વરાજ્યના રે,
જાત હોમીને લેશું સ્વરાજ્ય—અમે૦

નથી પરવા ધંધાની આ સમે રે,
ધુન લાગી છે લેવા સ્વરાજ્ય—અમે૦

નથી ચિંતા કુટુંબની આ સમે રે,
ચિત ચોટયું છે લેવા સ્વરાજ્ય—અમે૦

નથી પરવા ઝરૂખા મહેલની રે,
મરી ફીટીને લેવું સ્વરાજ્ય—અમે૦

નથી પરવા ઝાલીમના જુલ્મની રે,
મોત ભેટીશું લેવા સ્વરાજ્ય—અમે૦

આજ મસ્તી છે પૂર્ણ સ્વરાજ્યની રે,
માત ભારતનો જય જયકાર.—અમે૦

---

## બુધવાર

### અબકી ટેક હમારી

અબકી ટેક હમારી, લાજ રાખો ગિરિધારી.
જૈસી લાજ રાખી અર્જુનકી, ભારત યુદ્ધ મંઝારી,
સારથિ હોકે રથ કો હાંકો, ચક્ર સુદર્શનધારી.
ભક્તનકી ટેક ન ટારી—લાજ૦
જૈસી લાજ રાખી દ્રોપદિકી, હો ને ન દીની ઉઘારી,
ખૈંચત ખૈંચત દો ભુજ થાકે, દુઃશાસન પચહારી,
ચીર બઢાયો મુરારી—લાજ૦
હિંદમાતકી લાજ રાખો, અબ કો હૈં રખવારી,
રાધે રાધે શ્રીવર પ્યારો, શ્રી વૃષભાન દુલારી,
ચરણ તક આયો તુમ્હારી—લાજ૦

---

### શુરવીર આવજો

શૂરવીર આવજો રે હો રણમાં
ઉત્સાહ ચેતન ભરજો તનમાં—શૂરવીર૦
ગજગજ કુદજો રે હો કોડે
બલિદાન દેજો જાતનાં જોરે—શૂરવીર૦
કરજો કેસરયાં હો હરખે
પ્રભુ છે ઉભા પોતે પડખે—શૂરવીર૦
કાયર ભાગજો રે હો વનમાં
ભય જો લાગે મોતનો મનમાં—શૂરવીર૦
અવસર આવ્યો રે હો તરવા
નિશ્ચય કરજો જીતવા મરવા—શૂરવીર૦

ઝુંડો સતનો હો ફરકાવો
શાન્તિ પાળો સ્વરાજ ઘેર લાવો—શૂરવીર૦
ડંકો વાગ્યો રે હો વહાલા
યુવક ધાજો રણમતવાલા—શૂરવીર૦

---

## ટોપીવાળાનાં ટોળાં

ટોપીવાળાનાં ટોળાં ઉતર્યાં,
ઉતરીયાં કંઇ આથમણે ઓવાર રે
પરદેશી ભૂખ્યાં ટોપીવાળાનાં ટોળાં ઉતર્યાં.
ધરતી સુકાઇને થઇ વાંઝણી,
કરવા બેઠા કળજુગના કાળ રે—પરદેશી૦
સુના ચરા ને સુના ગૌચરા,
સુના સુના પાણીઆરીના ઘાટ રે—પરદેશી૦
ભાંગી ભરવાડોની મોરલી,
કારખાને કંઇ કામધેનું કપાય રે—પરદેશી૦
તૂટી સાળો ને તૂટયા રેંટીઆ,
કારીગરોના કાપી નાખ્યા હાથ રે—પરદેશી૦
કજીઆ કરાવી ભાઇ ભાઇમાં,
પોતે થઇ બેઠા મોટા ભૂપ રે—પરદેશી૦
વધ્યા કાયદા ને વધી કોર્ટો,
વધ્યા કંઇ ગુન્હાના કરનાર રે—પરદેશી૦
વકીલો વધ્યા ને વધ્યા ડૉકટરો,
વધ્યા કંઇ કજીયા ને રોગ રે—પરદેશી૦

એવો વેરો તે નાખ્યો આકરો,
　　　　ખેડુતોને ખાવા ન મળે ધાન રે—પરદેશી૦
ગરવા ગામનાં તો ઝુરે ઝુંપડાં,
　　　　માડી જાયા દેશીઓ વિધાય રે—પરદેશી૦
આંખે પાટા બાંધ્યા લોકને,
　　　　ડુચો દઇ ગુંગળાવી નાખ્યા શ્વાસ રે–પરદેશી૦
ડેરો નાખ્યો એણે ડોકમાં,
　　　　પગે જકડી દીધી જંજીર રે—પરદેશી૦
એવે આવ્યા ગાંધીજી મોખરે.
　　　　યુગ યુગની ઉડાડી તેણે ધુગ રે—પરદેશી૦
રૂઠી સરકાર રંક લોક પર,
　　　　તૂટી જાણે વર વાઘ રે—પરદેશી૦
ઠામે ઠામે જંજીર ગોઠવી,
　　　　ઠામે ઠામે ઉડાડયાં એણે બલુન રે—પરદેશી૦
મહેલ જાણીને જાજો જેલમાં,
　　　　છાતી ઉપર ઝીલજે બંદુક રે—પરદેશી૦
માતા જેવું હૈયું રાખજે,
　　　　દીલમાંહી રાખશો નહિ ડંખ રે—પરદેશી૦
પાયા ડગમગીઆ એના રાજયના,
　　　　ડોલતાં એનાં સિંહાસન દેખાય રે—પરદેશી૦
તાજ એનો પડું પડું થાય છે,
　　　　પુરેપુરું ભરાયું એનું પાપ રે—પરદેશી૦

---

## તમે ડરશો નહિ કદિ જેલથી રે

તમે ડરશો નહિ કદી જેલથી રે,
જેલખાનું મહેલ સમાન—તમે૦
જુલ્મીના જુલમ અન્યાયને રે,
બ્હાર પાડો નિડર થઇ ખાસ—તમે૦
અધિકારી રાજા કે સિપાહીના રે,
ડરી જઇને છુપાવો ન પાપ—તમે૦
તમે માખણ લેશો ન કોઇનું રે,
સદા કરજો સાચે સાચી વાત—તમે૦
રોગ ચિંતા ભાગી જશે જેલમાં રે,
થશે કાયા સુદૃઢ બળવાન—તમે૦
આળ પંપાળ દેહની છુટશે રે,
છુટી જાશે પ્રમાદી ટેવ—તમે૦
આત્મશક્તિમાં શ્રદ્ધા જામશે રે;
બની જાશો મહા ભડવીર—તમે૦

---

## રામધુન

રઘુપતિ રાઘવ રાજારામ, પતિતપાવન સીતારામ.
રાજા રામ રામ રામ, સીતા રામ રામ રામ.
શ્રી રામ જય રામ જય જય રામ.

## ગુરૂવાર

### શિર સાટે

રે શિર સાટે નટવરને વરીયે,
રે પાછાં તે પગલાં નવ ભરીયે
રે અન્તર દષ્ટિ કરી ખોળ્યું
રે ડહાપણ ઝાઝું નવ ડોળ્યું
એ હરિ સારૂ માથું ધોળ્યું.
રે સમજ્યા વિના નવ નીસરીયે
રે રણ મધ્યે જઇને નવ ડરીએ
ત્યાં મુખ પાણી રાખી મરીએ
રે પ્રથમ ચડે શુરો થઇને
રે ભાગે પાછો રણમાં જઇને
તે શું જીવે ભુંડું મુખ લઇને.
રે પહેલું જ મનમાં ત્રેવડીએ
રે હોડે હોડે જુધ્ધે નવ ચડીયે
રે જો ચડીયે તો કટકા થઇ પડીએ
રે રંગ સહિત હરિને રટીયે
રે હાક વાગ્યે પાછા નવ હટીયે
બ્રહ્માનન્દ કહે ત્યાં મરી મટીયે.

## શુકનની ઘડીઓ

ધર્મના વીર! ઓ આર્યપુત! ઉઠજો!
સુભટના શુકનની વાગી ઘડીઓ;
ઉત્તરાયણ થયા, ઉત્તરે રવિ વળ્યા,
ભાનુના ભર્ગની વરસી ઝડીઓ.
મૃત્યુને ખાળવા, શાન્તિને બોધવા,
ભીષ્મ પોઢયા હતા યુદ્ધ ઘાટે;
મૃત્યુને પરહરી, શાન્તિ ભાથાં ભરી,
શૂર! ત્યમ સંચરો યુધ્ધ વાટે.
સિંહના બાલથી ખેલતો-ગેલતો,
એ ભરતના ગોત્રના ગોત્રજો છો;
સિંહને શસ્ત્ર શાં? વીરને મૃત્યુ શાં?
મૃત્યુના અમૃતને ઓળખો છો.
શાન્ત છો, દાન્ત છો, ધીર છો, વીર છો,
સુભટ છો સજજ નિ:શસ્ત્રતાથી;
ધર્મધ્વજ તમ ખડા, શસ્ત્ર સ્હામાંવડાં,
શ્રી હરિ સત્યના સમરસાથી.

---

## પ્રતિજ્ઞા

અમે લીધી પ્રતિજ્ઞા પાળશું રે,
ભલે કાયાના કટકા થાય--અમે૦
ભલે વરસે વરસાદ મહા જુલમનો રે,
ભલે થાવાનું હોય તે થાય--અમે૦
અમે ગુજરાતનું નામ નહિ બોળશું રે,
ભલે માથું ને ધડ જુદાં થાય--અમે૦
અમે કીધાં કેસરિયાં પ્રેમથી રે,
ભારતની રાખવા લાજ--અમે૦

## અય માતૃભુમિ તેરે

અય માતૃભૂમિ તેરે, ચરણોમેં શિર નમાવું,
મેં ભક્તિ ભેટ અપની, તેરી શરણમેં લાઉં—ટેક૦
માથે પે તૂ હો ચંદન, છાતી પે તૂ હો માલા,
જિવ્હા પે ગીત તૂ હો, મેં તેરા નામ ગાઉં-અય માતૃ૦
જીસસે સુપૂત ઉપજે, શ્રી રામકૃષ્ણ જેસે,
ઉસ તેરી ધૂલિકો મેં, નિજ શિશ પે ચઢાઉં-અય માતૃ૦
માની સમુદ્ર જિસકી ધૂલિકા પાન કરકે.
કરતા હૈ માન તેરા, ઉસ પૈરકો મનાઉં-અય માતૃ૦
વે દેશ માનવાલે, ચઢકર ઉતર ગયે સબ,
ગોરે રહે ન કાલે, તુઝ કો હી એક પાઉં-અય માતૃ૦
સેવા મેં તેરી સારે, ભેદોં કો ભુલ જાઉં,
વહ પુણ્ય નામ તેરા, પ્રતિદિન સુનું સુનાઉં-અય માતૃ૦
તેરે હી કામ આઉં, તેરા હી મંત્ર ગાઉં,
મન ઔર દેહ તુઝ પર, બલિદાન મૈં ચઢાઉં-અય માતૃ૦

---

## છેલ્લી પ્રાર્થના

હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ,
કલેજાં ચીરતી, કમ્પાવતી અમ ભય-કથાઓ
મરેલાનાં રૂધિરને જીવતાનાં આંસુડાઓ,
સમર્પણ એ સહુ તારે કદમ પ્યારા પ્રભુઓ!
અમારા યજ્ઞનો છેલ્લો બલિ, આમીન કે'જે
ગુમાવેલી અમે સ્વાધીનતા તું ફેર દેજે.

વધારે મૂલ લેવાં હોય તો યે માગી લેજે !
અમારા આખરી સંગ્રામમાં સાથેજ રે'જે !

પ્રભુજી ! પેખજો આ છે અમારૂં યુદ્ધ છેલ્લું,
બતાવો હોય જો કારણુ અમારૂં લેશ મેલું;
અમારાં આંસુડાને લોહીની ધારે ધુવેલું,
દુવા માગી રહ્યું જો સૈન્ય અમ તત્પર ઉભેલું.

નથી જાણ્યું અમારે પંથ શી આફ્ત ખડી છે,
ખબર છે આટલી કે માતની હાકલ પડી છે;
જીવે મા માવડી એ કાજ મરવાની ઘડી છે,
ફિકર શી જયાં લગી તારી અમોપર આંખડી છે!

જુઓ આ તાત ! ખુલ્લાં મુકયાં અંતર અમારાં,
જુઓ હર જખ્મથી ઝરતી હજારો રક્તધારા;
જુઓ છાના જલે અન્યાયના અગ્નિ-ધખારા,
સમર્પણ હો! સમર્પણ હો! તને એ સર્વ પ્યારા!

ભલે હો રાત કાળી, આપ દીવો લઇ ઉભા જો!
ભલે રણમાં પધારી, આપ છેલ્લાં નીર પાજો !
લડન્તાને મહા રણ-ખંજરીના ઘોષ ગાજો !
મરન્તાને મધુરી બંસરીના સૂર વાજો !

તુટે છે આભ-ઉંચા આપણા આશા-મિનારા,
હજારો ભય તણી ભૂતાવળો કરતી હુંકારા;
છતાં વહેશે સમર્પણની સદા અખુટ ધારા,
મળે નવ માવડીને જયાં સુધી મુકિત-કિનારા.

## શુક્રવાર

### હરિનો મારગ

હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને.
પરથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને.
સુત વિત દારા શીશ સમરપે, તે પામે રસ પીવા જોને.
સિંધુ મધ્યે મોતી લેવા, માંહી પડયા મરજીવા જોને.
મરણ આગળે તે ભરે મૂઠી, દીલની દુગ્ધા વામે જોને.
તીરે ઉભા જુએ તમાસા, તે કોડી નવ પામે જોને.
પ્રેમપંથ પાવકની જવાળા, ભાળી પાછી ભાગે જોને.
માંહી પડયા તે મહાસુખ માણે, દેખનારા દાઝે જોને.
માથા સાટે મોંઘી વસ્તુ. સાંપડવી નહિ સહેલ જોને.
મહાપદ પામ્યા તે મરજીવા, મુકી મનનો મેલ જોને
રામ અમલમાં રાતા માતા, પૂરા પ્રેમી પરખે જોને.
પ્રીતમના સ્વામીની લીલા, તે રજનીદિન નિરખે જોને.

---

### મીઠાનો કાયદો તોડશું

તોડશું, તોડશું, તોડશું રે,
અમે મીઠાનો કાયદો તોડશું;
વીસગણાં નાણાં સરકાર લૂંટે,
એવો એ કાયદો તોડશું રે—અમે૦
લૂંટે ગરીબને, લૂંટે અપંગને,
જુલ્મી એ કાયદો તોડશું રે—અમે૦
લૂંટે અભણને, લૂંટે ગામડિયા,
પાપી એ કાયદો તોડશું રે—અમે૦

રોજી તોડી છે લાખો લોકોની.
એવો એ કાયદો તોડશું રે—અમે૦
ચાલો જુવાનો કરી કેસરિયાં,
મીઠાનો કાયદો મોડશું રે—અમે૦

---

## જય હે!

જનગણ મન-અધિનાયક જય હે, ભારત-ભાગ્ય-વિધાતા
પંજાબ સિન્ધ ગુજરાત મરાઠા, દ્રાવિડ ઉત્કલ બંગ
વિન્ધ્ય હિમાચલ જમુના ગંગા, ઉચ્છલ જલધિતરંગ
તવ શુભ નામે જાગે
તવ શુભ આશિષ માગે
ગાહે તવ જયગાથા
જનગણ-મંગલદાયક જય હે, ભારત-ભાગ્ય-વિધાતા.
જય હે! જય હે! જય હે!
જય જય જય જય હે!
અહરહ તવ આહ્વાન પ્રચારિત સુનિ તવ ઉદાર વાણી
હિંદુ બૌદ્ધ શિખ જૈન પારસિક મુસલમાન ખ્રિસ્તાની
પૂરવ પશ્ચિમ આસે
નવ સિંહાસન પાસે
પ્રેમ હાર હોય ગાથા
જનગણ-ઐકયવિધાયક જય હે, ભારત-ભાગ્ય-વિધાતા.
જય હે! જય હે! જય હે!
જય જય જય જય હે!

પતન-અભ્યુદય-બંધુર પંથા યુગ-યુગ-ધાવિત યાત્રી
હે ચિર સારથી! તવ રથચક્રે મુખરિત પથ દિનરાત્રી
દારૂણ વિપ્લવ માઝે
તવ શંખ ધ્વનિ બાજે
સંકટ દુઃખ ત્રાતા
જનગણ-પથપરિચાયક જય હે, ભારત-ભાગ્ય-વિધાતા
જય હે! જય હે! જય હે!
જય જય જય જય હે!
ઘોર તિમિરઘન નિવિડ નિશીથે પીડિત મૂર્છિત દેશે
જાગૃત છિલ તબ અવિચલ મંગલ નતનયને અનિમિષે
દુઃસ્વપ્ને આ તંકે
રક્ષા કરિલે અંકે
સ્નેહમયી તુમી માતા
જનગણ-દુઃખત્રાયક જય હે, ભારત-ભાગ્ય-વિધાતા
જય હે! જય હે! જય હે!
જય જય જય જય હે!
રાત્રિ પ્રભાતિલ ઉદિલરવિચ્છબિ પૂર્વ ઉદયગિરિ ભાલે
ગાહે વિહંગમ પુણ્યસમીરણ નવજીવન રસ ઢાલે
તવ કરૂણારૂણ રાગે
નિંદ્રિત ભારત જાગે
તવ ચરણે નત માથા
જય જય જય હે જય રાજેશ્વર, ભારત-ભાગ્ય-વિધાતા
જય હે! જય હે! જય હે!
જય જય જય જય હે!

## ભારત હમારા દેશ હૈ

ભારત હમારા દેશ હૈ, હિત ઉસકા નિશ્ચય ચાહેંગે
ઉસકે હિતકે કારને હમ કુછ ન કુછ કર જાએંગે

ભારત હમારી માતૃભૂમિ, ઉસકા ઋણ હમપર હૈ બહુત,
ઉસકે મિટાને કે લિયે હમ, કુછ ન કુછ કર જાએંગે,

ભારતકી દુઃખપ્રદ અવનતિ પર ક્યોં ન અશ્રુ બહાવેંગે,
ઉનકે હટાનેકે લીયે હમ, કુછ ન કુછ કર જાએંગે.

ધર્મ વિદ્યા ઔર ધનસે, ઉન્નતિ ભારતકી હો,
ઉસ ઉન્નતિકે માર્ગમેં હમ, કુછ ન કુછ કર જાએંગે.

સંસારકે ઉધ્ધાર હેતુ, કૃષ્ણ જન્મે જેલમેં,
તો ફીર ભલા ક્યોં હમ ડરેંગે, કુછ ન કુછ કર જાએંગે.

ચાહે કિતને કષ્ટ હમકો, ક્યોં ન હો ઉસકે લીયે,
સબ સહેંગે મર મિટેંગે, કુછ ન કુછ કર જાએંગે.

---

## અમે ડરતા નથી સરકારથી

અમે ડરતા નથી સરકારથી રે,
સદા ભજીએ ભલા ભગવાન—અમે૦

બીક રાખે મનુષ્યો બાયલા રે,
અમે બહાદુર ને બળવાન—અમે૦

બીક રાખે હરામી આળસુ રે,
હાથ પગમાં અમારૂં તાન—અમે૦

છેતરાશું નહિ અમે કોઇથી રે,
હવે રૂડું મળ્યું છે જ્ઞાન—અમે૦

બાપુના બોલ અમે પાળશું રે,
હવે રહ્યા નથી હેવાન—અમે૦

---

## શનિવાર

### જીવનપંથ ઉજાળ

પ્રેમળ જ્યોતિ તારો દાખવી
મુજ જીવનપંથ ઉજાળ.
દૂર પડ્યો નિજ ધામથી હું ને
ઘેરે ઘન અંધાર,
માર્ગ સૂઝે નવ ઘોર રજનીમાં
નિજ શિશુને સંભાળ;
મારો જીવનપંથ ઉજાળ.
ડગમગતો પગ રાખ તું સ્થિર મુજ
દૂર નજર છો ન જાય,
દૂર માર્ગ જોવા લોભ લગીર ન
એક ડગલું બસ થાય,
મારે એક ડગલું બસ થાય.
આજ લગી રહ્યો ગર્વમાં હું ને
માગી મદદ ન લગાર,
આપ બળે માર્ગ જોઇને ચાલવા
હામ ધરી મૂઢ બાળ,
હવે માગું તુજ આધાર.
ભભક ભર્યાં ચિન્હોથી હું લોભાયોને
ભય છતાં ધર્યો ગર્વ
વીત્યાં વર્ષ ને લોક સ્મરણથી
સ્ખલન થયાં જે સર્વ,
મારે આજ થકી નવું પર્વ.

તારા પ્રભાવે નિભાવ્યો મને પ્રભુ
આજ લગી પ્રેમ ભેર,
નિશ્ચે મને તે સ્થિર પગલેથી
ચલવી પહોંચાડશે ઘેર;
દાખવી પ્રેમળ જ્યોતિની સેર.
કર્દમ ભૂમિ કળણુ ભરેલી ને
ગિરિવર કેરી કરાડ,
ધસમસતા જળ કેરા પ્રવાહો
સર્વ વટાવી કૃપાળ;
મને પહોંચાડશે નિજ દ્વાર.
રજની: જશે ને પ્રભાત ઉજળશે ને
સ્મિત કરશે પ્રેમાળ,
દિવ્ય ગણોનાં વદન મનોહર
મારે હૃદય ચિરકાળ;
જે મેં ખોયાં હતાં ક્ષણુવાર.

---

## સહુ ચલો

સહુ ચલો દોસ્ત સંગાથ,
ડગોડગ સાથ, ભારતીપુત્રો !
જગ શિખો જ આત્મપ્રતાપ-જીવનમય સૂત્રો.
જે શિખ્યો શિષ્ય પ્રલ્હાદ,
ધરી આલ્હાદ છાંડી જડ ચીલો;
તે હતો હિંદનો બાળ-સત્ય ટેકીલો.

જે પઢયો શિવાજીરાજ
જગાવી સ્વરાજ, રાષ્ટ્રનો વીરો;
તે હતો હિંદનો બાળ-પરમ રણધીરો.
જે હિંદહૃદયનો નાદ
ગજાવે યાદ અખંડ ભભૂકી;
તે સહસ્ત્ર જીભે આજ-ઉર જ્વાળામુખી;
નહિ સામ દામના બંધ
ભેદ કે દંડ, જેહને દંડે;
તે ચઢયો છે યૌવનકાળ આગરસખંડે;
અમ અંતર પ્રાણહુતાશ
તપો અવિનાશ, સત્યના બંદા;
દિન એક સ્વતંત્ર પ્રકાશ-ફેડશે ફંદા.

---

## આઝાદી જંગ

યુવકો ઝુકાવજો રે, ભારત આઝાદી જંગમાં
લાજે યુવાની ઘરમાં ભરાયે,
આવી ઝુકાવો જંગમાં—યુવકો૦
લાજે યુવાની કાયર બન્યાથી,
ખેલો શૂરા સંગ્રામમાં—યુવકો૦
દીપે યુવાની માથું મેલ્યાથી,
ભરતી થાઓ રણરંગમાં—યુવકો૦
કરી કેસરીયાં માંડોને મોરચા,
ભારત આઝાદી જંગમાં—યુવકો૦

---

## આ ગયા હે કર્મયુગ

આ ગયા હૈ કર્મયુગ કુછ કર્મ કરના શીખ લો,
દેશ પર અરૂ જાતિ પર હંસ હંસકે મરના શીખ લો.

મારનેકા નામ મત લો, પહેલે મરના શીખ લો,
શાન્તિ કે સિધ્ધાંતસે, યમસે ન ડરના શીખ લો.

પાર યદિ હોના તુમે પરતંત્રતા દુઃખ સિંધુ સે,
તેર કર તો રકત સાગરસે ઉતરના શીખ લો.

ફીર જલાદોંગે સકલ, સંસારકો ક્ષણ માત્ર મેં,
દેશ દુઃખકી આગમેં, પર પહેલે જલના શીખ લો.

જેલયાત્રાકે લીયે, દિનરાત ઉત્સાહિત રહો,
કૃષ્ણ જન્મસ્થાનમેં, નિર્ભય વિચરના શીખ લો.

દેખના હૈ દશ્ય ભારતવર્ષમેં યદિ સ્વર્ગકા,
દેશકા તો પ્રાણપનસે દુઃખ હરના શીખ લો.

## રવિવાર

### મંગલમંદિર ખોલો

મંગલ મંદિર ખોલો,
દયામય ! મંગલ મંદિર ખોલો.

જીવનવન અતિ વેગે વટાવ્યું,
દ્વાર ઉભો શિશુ ભોળો,

તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો,
શિશુને ઉરમાં લ્યો લ્યો.

નામ મધુર તમ રટયો નિરંતર,
શિશુસહ પ્રેમે બોલો,

દિવ્ય તૃષાતુર આવ્યો બાલક,
પ્રેમ અમીરસ ઢોળો.

---

### આમાર દેશ

હિંદ આમાર, જનની આમ્રાર, ધાત્રી આમાર, આમાર દેશ,
કેનો ગો મા તોર શુષ્ક નયન, કેન ગો મા તોર રૂક્ષ કેશ !
કેનો ગો મા તોર ધુલાય આસન, કેન ગો મા તોર મલિન બેશ !
( કોરસ )
કિસેર દુઃખ કિસેર દૈન્ય , કિસેર લજ્જા, કિસેર કલેશ !
સપ્ત કોટી મિલિત કંઠે ડાકે ઉચ્ચે આમાર દેશ !

ઉદિલો જેખાને બુદ્ધ-આત્મા, મુકત કરી તે મોક્ષ દ્વાર,
આજિ ઓ જુડિયા અર્ધજગત ભકિત પ્રણુત ચરણે તાર.
અશોક જાહાર કીર્તિ છાઇલો, ગાન્ધાર હોતે જલધિશેષ,
તુઇત ના માગો તાદેર જનની, તુઇત ના માગો તાદેશ દેશ !
(કોરસ) કિસેર દુઃખ-(ઇત્યાદિ)

એકદા જાહાદ બિજય-સેનાની, હેલાય લંકા કરિલો જય,
એકદા જાહાર અર્ણવપોત ભ્રમિલો ભારત સાગરમય;
સન્તાન જાર તીબ્બત ચીન જાપાને ગઠિલો ઉપનિવેશ,
તાર સાજે ગો ધુલાય આસન, તાર કિ સાજે ગો છિન્ન બેશ,
(કોરસ) કિસેર દુઃખ-(ઇત્યાદિ)

ઉઠિલો જેખાને મુરજ મન્દ્રે નિમાઇ કન્ઠે મધુર તાન,
ન્યાયેર બિધાન દિલો રઘુમણિ, ચન્ડિદાસ ગાહિલો ગાન;
જુધ્ધ કરીલો પ્રતાપાદિન્ય, તુઇ મા ના સેઇ ધન્ય દેશ.
(કોરસ) કિસેર દુઃખ-(ઇત્યાદિ)

જદિઓ મા તોર દિબ્ય આલોક, ઘેરે આછે આજિ આંધાર ઘોર,
કેટે જાબે મેઘ, ન બીન ગરિમા ભાતિબે આવાર લલાટે તોર;
આમરા ઘુચાબો મા તોર કાલિમા, માનુષ આમરા નહિ તો મેષ.
દેબી આમાર, સાધના આમાર, સ્વર્ગ આમાર, આમાર દેશ !
(કોરસ) કિસેર દુઃખ-(ઇત્યાદિ).

## જંગમે ઝુક પડો

બિરાદર ચલો, જંગમે ઝુક પડો.
બહાદુરી કરો, ,, ,, ,,
બસ માતૃભૂમિ પર મરો, ,, ,, ,,
અબ વીરોંકી હિંમત ધરો ,, ,, ,,
સબ વતન પે કુરબાં કરો, ,, ,, ,,
નહિ કિસીકી પરવાહ કરો, ,, ,, ,,
બસ શહીદ હોના સિખો, ,, ,, ,,
અબ લાઠીસે મત ડરો, ,, ,, ,,
યહ ગુલામી સમંદર તરો, ,, ,, ,,
અબ બજા હૈ ડંકા સુનો, ,, ,, ,,
સબ સચ્ચે હિંદી બનો, ,, ,, ,,
જો સપૂત હો તો ચલો, ,, ,, ,,
બસ મિટા દો યા તો મિટો, ,, ,, ,,
બસ અભય મંત્રકો પઢો, ,, ,, ,,
અબ સીના કો આગે ધરો, ,, ,, ,,
અબ ભૈરવ કો ભીરૂ કરો., ,, ,, ,,
દો વકત કા મરના બુરા, ,, ,, ,,
યે શુકન હે ચંગા ભલા, જંગમે ઝુક પડો.

NATIONAL ARCHIVES LIBRARY
No 3/29
Date 28.3.72
GOVT. OF INDIA

## સરફરોશીકી તમન્ના

સરફરોશી કી તમન્ના, અબ હમારે દિલમેં હય,
દેખના હૈ જોર કીતના, બાજુએ કાતિલમે હય.
રહરવે રાહે મહોબ્બત, રેહ ન જાના રાહમેં.
બિજ્જતે સેહરાન–વર્દી, દૂર યે મંઝીલમેં હય.
આજ ફિર મકતલમેં કાતિલ, કહ રહા હૈ બાર બાર,
કયા તમન્નાએ શહાદત ભી કિસી કે દિલમેં હય.
અય શહીદે મુલ્કેમિલ્લત, મેં તેરી ઉપર નિસાર,
અબ તેરી હિમ્મતકા ચર્ચા, ગેર કી મહફિલમેં હય.
વકત આને દે બતાદેંગે, તુઝે અય આસમાં!
હમ અભી સે કયા બતાએં, કયા હમારે દિલમેં હય.
અબ ન પહેલે વલવલે હૈ, ઔર ન અરમાનોંકી ભીડ,
સિર્ફ મિટ જાનેકી હસરત, યક દિલે બિસ્મિલમેં હય.

---

## ગુજરાતનો યજ્ઞકુંડ

દુઃખમાં શુરા રે, ઓ ગુજરાતી વીરા!
આવો પુરા રે, ખમવા દુઃખના ચીરા!
કડકડ ફૂટે ક્રોડ કડાકા, પર્વત ફૂંકે ફાટે;
ઝળઝળ જ્વાળા વ્યોમ જળાવે, ઉભા રહો દઢ વાટે!–દુઃખમાં.
સત્ય જ પ્રભુના પ્રાણ અમારા, સત્ય જ અંગ અમારાં,
સત્ય જ રકત વહે અમ નસમાં, સત્યજ વ્રત અમ ન્યારાં–દુઃખમાં.
પાય પડયા વિનવ્યા કંઇ કંઇ, શું હૃદયહીણને રટવું,
હવે પડયા રગડાવા રણ ત્યાં, ના હઠવું, ના હઠવું!—દુઃખમાં૦

ભારતદુઃખ શિરે અમ લેતાં, હૈયાં કેમ ન ફુલે ?
ઓ ભારત નિધિ પાર ઉતરજો, અમ શબ ઢગના પૂલે–દુઃખમાં૦

વાટે ઘાટે છાતી ફાટે. થાય સ્મશાની દુનિયા,
નવલખ આંખે વ્યોમ રૂવે પણ, પાછું જુવે ન મરણિયા–દુઃખમાં.
ધર્મક્ષેત્ર એ કર્મક્ષેત્ર એ, એ રણક્ષેત્ર અનેરૂં,
જય જય કોને ભાગ્ય અદલ એ, પુણ્ય જ ભારત કેરૂં–દુઃખમાં.

દુઃખમાં શુરા રે, ઓ ગુજરાતી વીરા.
ગાજો પુરા રે, સત્ય પ્રેમરસધીરા,

---

## જુધ્ધમાં કોણ જાશે ?

જાગજો જગના રંગિલા સૈનિકો,
તમ વિના જુધ્ધમાં કોણ જાશે ?

રામ યુધ્ધે ચડી વાય રણસિંગડું,
વડો રે યોધ્ધો રણે કોણ થાશે ?
રાવણીરાજય તારાજ કીધા વિના
મુક્તિના પર્વ કયમ ઉજવાશે ?
જાગજો જંગના રંગભર સુભટો,
તમ વિના જુધ્ધમાં કોણ જાશે ?
જાનકી–ભારતી આંસુડાં સારતી !
તમ વિના આંસુડાં કોણ લ્હોશે ?
આસુરી જાળ–માયાતણાં આવરણ,
ધર્મયુધ્ધે ચડી કોણ ધોશે ?

મોરચે ઝુઝતાં, સત્યને પૂજતાં,
વિજય-બિરદાવલિ કોણ ગાશે ?
જાગજો જંગના વીર-વીરાંગના,
તમ વિના જુધ્ધમાં કોણ જાશે ?
સ્વાર્પણે શસ્ત્ર શાં ? અમૃતે મૃત્યુ શાં ?
શકિતની ભકિતને ભીડ શાની ?
અભયવર-ઉજવી આત્મબળ-વીજળી
તોડશે ઘોરયુગની ગુલામી !
ભોર ભાસે ભયો, ક્રાન્તિ ઉદય થયો,
પૂર્વમાં મુકિત-ઉષા પ્રકાશે;
ત્યાગજો નિન્દને, હિન્દની હાકલે,
જાગજો પૂર્ણ સ્વાતંત્ર્ય આશે.

મુદ્રક: પી-યુ-દાસ, "ગુર્જર ગૌરવ" પ્રેસ, ખેતવાડી
૧૦ મી ગલી મુંબઇ નં. ૪.